જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૦/૨૦૧૫ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૮૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી ૧૫૦ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધાર મુજબ ૦૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૮૩/૧૫**

**માધવપુરા :** રાહુલભાઇ ભારતભાઇ જૈન (રહે.ન્યુ પરમેશ્વર પાર્ક સોસાયટી, સિવીલ હોસ્પીટલ પાછળ અસારવા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૧૫ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૧૦/૧૫ સવારનાં ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન માધવપુરા બી.જી.ટાવર મેટ્રો હેરાલ્ડ દૈનીક પેપરની ઓફીસનાં ધાબાની લોખંડની જાળીનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી. ઓફીસમાંથી સેમસંગ કંપનીનું ટી.વી. કિમત રૂપિયા ૧૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

**વસ્ત્રાપુર :** કિરણ નારાયણ ઇરૂકુલ્લા (રહે, મનીલાટાવર, અમદાવાદ ઇન્ટર નેશનલ સ્કુલ સામે, બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૧૫ બપોરના ૧/૩૦ થી સાંજનાં ૬/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં કોઇ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી સોનાનાં દાગીના કુલ કિમત રૂપિયા ૧,૫૭,૦૦૦/- મતાનાં ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૮૪/૧૫</u>**

**કૃષ્ણનગર :** બબીતાબહેન જેઠુસિંહ શેખાવત (રહે.પુષ્પમ ટેનામેન્ટ, નારાયણ સ્કુલની બાજુમાં, કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૦/૧૫ બપોરનાં ૧/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ફર્નીચરનું કામ કરતો આરોપી ભગીરથ (રહે.ગામ:ખારાડા રાભોરા પાસે, બિકાનેર ગામ) મકાનમાંથી સોના-ચાંદીનાં દાગીનાં કિંમત રૂપિયા ૧,૧૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** વિનાયકભાઇ અવિનાશભાઇ કપૂર (રહે.પ્રસ્થાન બંગ્લોઝ, નિર્માણ ટાવર પાસે, આર.સી.ટેકનીકલ રોડ, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૧૫ નાં કલાક ૫/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી લેપટોપ તેમજ નજીકમાં આવેલ કિષ્ણા સ્ટુડીયોમાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- અને કેમેરો મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૮૫/૧૫</u>**

**કૃષ્ણનગર :** વશરામભાઇ વાઘાભાઇ ગજેરા (રહે.જય સોમેશ્વર બંગ્લોઝ, જીવનવાડી, નરોડા) એ તા.૨૪/૧૦/૧૫ સાંજનાં ૫/૦૦ વાગે ઘર નજીક પાર્કિંગમાં પોતાની હુન્ડાઇ આઇ.૨૦ કાર નંબર જીજે.૨૭.એ.એચ.૪૭૧૩ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ વશરામભાઇ ગજેરાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)